પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૩ | ૧૪ એપ્રિલ, ૨૦૧૭, શુક્રવાર ; ચૈત્ર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રાષ્ટ્રપતિએ જીએસટીના તમામ બીલ પાસ કર્યા



રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેકસ (જીએસટી)ને લગતા ચાર મદદનીશ કાયદાને મંજૂરી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભાજપ સરકારે જીએસટીને ૧લી જુલાઈથી લાગુ કરવાની ઈચ્છા દર્શાવી છે.

### યુપીમાં મેડિકલ-ડેન્ટલમાં અનામત સમાપ્ત



ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ એક પછી એક બેઠક કરીને મોટા નિર્ણયો લઈ રહ્યા છે. યોગી સરકારે તાજેતરમાં એક મોટો નિર્ણય લઈ ઉત્તરપ્રદેશની પ્રાઈવેટ મેડિકલ અને ડેન્ટલ કોલેજોમાં અનામત સમાપ્ત કરી દીધુ છે.

### બેંગ્લોરમાં સૌથી વધુ સેલેરી

રેન્ડસ્ટેડ સેલેરી ટ્રેન્ડસ સ્ટડી



૨૦૧૭ પ્રમાણે ભારતમાં સૌથી વધારે વેતન બેંગ્લોર શહેરમાં આપવામાં આવે છે. બેંગ્લોરમાં પ્રોફેશનલ્સની એવરેજ વાર્ષિક આવક રૂ. ૧૪.૬ લાખ છે. આ સ્ટડીમાં રૂ. ૧૪.૨ લાખ એવરેજ આવક સાથે મુંબઈ અને તે પછી હૈદ્રાબાદ છે.

### દેશમાં ૧ લાખ લોકો પર ૧૩૭ પોલીસકર્મી અને ૧૪ વીઆઈપી માટે ૫૫૧ કમાન્ડો



કેન્દ્ર સરકારે સંસદભવનમાં ચોંકાવનારા આંકડા રજૂ કર્યા હતા. જે મુજબ દેશમાં દર ૧ લાખ લોકોની સુરક્ષા માટે ૧૩૭ પોલીસકર્મી છે. દેશમાં ૨૯૮ લોકોને વીઆઈપી સુરક્ષા કવર અપાયું છે. જેમાંથી ૨૬ ઝેડ પ્લસ કેટેગરીની સુરક્ષા મેળવે છે. તે પૈકી ૧૪ લોકોની સુરક્ષા પાછળ ૫૫૧ નેશનલ સિક્યોરીટી ગાર્ડ મુકવામાં આવ્યા છે.

### ફેસબુકને સૌથી વધુ જાહેરાતો ભારતની

ફેસબુકે જણાવ્યુ હતુ કે એફબી પર જાહેરાતો



આપનારાઓની સંખ્યા ૫૦ લાખને પાર કરી ચૂકી છે. ઈ-કોમર્સ, મનોરંજન ક્ષેત્રે અને રિટેલ માર્કેટની ઘણી જાહેરાતો ફેસબુક પર આપવામાં આવે છે. સૌથી વધુ જાહેરાતો ભારત, બ્રાઝિલ, મેક્સિકો અને આર્જેન્ટિનામાંથી મળે છે.

# પેટાચૂંટણીમાં ભાજપનો દબદબો યથાવત



### દિલ્હીમાં ભાજપે રાજોરી ગાર્ડન સીટ જીતતા એએપીને ફટકો : કર્ણાટકમાં કોંગ્રેસે બંને બેઠકો જીતી : કુલ ૧૦ બેઠકો પૈકી ભાજપે પાંચ અને કોંગ્રેસે ત્રણ બેઠકો જીતી : પશ્ચિમ બંગાળમાં ટીએમસીના ઉમેદવારનો વિજય

નવી દિલ્હી,તા. ૧૩

આઠ રાજ્યોની ૧૦ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં પણ ભાજપે શાનદાર દેખાવ કર્યો છે અને ૧૦ વિધાનસભા બેઠકો પૈકીની પાંચ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો છે. ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં પ્રચંડ બહુમતી મેળવી લીધા બાદ યોજાયેલી ૧૦ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં પણ ભાજપે શાનદાર દેખાવ કર્યો છે અને જીતનો સીલસીલો જારી રાખ્યો છે. કર્ણાટકમાં કોંગ્રેસે શાનદાર જીત મેળવી છે. બીજી બાજુ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં ડિપોઝીટ પણ ગુમાવી દીધી છે. પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને ઉજવણીનો દોર શરૂ થયો હતો. ભાજપે દિલ્હી ઉપરાંત હિમાચલપ્રદેશ, મધ્યપ્રદેશ,

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી એમસીડીની ચૂંટણીમાં 'આપ' માટે ખતરાના સંકેતો

### એએપીના ઉમેદવારની ડીપોઝીટ જપ્ત થતા ભારે નિરાશા : કોંગ્રેસને પણ સીધો ફાયદો

નવી દિલ્હી,તા. ૧૩

દિલ્હીમાં રાજોરી ગાર્ડન સીટ પર યોજાયેલી ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. આ સીટ ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવાર હરજીતસિંહની જમાનત ડુલ થઈ ગઈ છે. આમ આદમી પાર્ટીના ઉમેદવારને માત્ર ૧૦૨૪૩ મત મળ્યા છે. પાર્ટીના નિરાશાજનક દેખાવ બાદ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદીયાએ કહ્યું હતું કે લોકોમાં જર્નેલસિંહના રાજીનામને લઈને નારાજગી હતી. રાજોરી ગાર્ડનના પરિણામને સમગ્ર દિલ્હીના પરિણામ તરીકે ગણવામાં ન આવે તેમ તેમણે કહ્યું હતું. આ સીટ પર ભાજપના મનજીંદરસિંહ સીરસાએ ૧૪૦૦૦થી વધુ મતે જીત મેળવી હતી. નાયબ મુખ્યમંત્રીએ દાવો કર્યો હતો કે રાજોરી ગાર્ડન સીટ ઉપર હારી ગયા બાદ પણ દિલ્હીમાં આવનાર નગર નિગમની ચૂંટણીમાં પાર્ટીનો દેખાવ શાનદાર રહેશે. રાજોરી ગાર્ડન સીટના પરિણામની એમસીડી ચૂંટણી પર અસર થશે નહીં. અહીંના લોકોને સમજાવવાના પ્રયાસ કરવામાં આવ્યા છે પરંતુ લોકોએ અન્ય પાર્ટીને



● અનુસંધાન પાન-૭ પર

# જીએસટી હેઠળ સર્વિસ ટેક્સ ૧૮ ટકા થશે

### સર્વિસ ટેક્સમાંથી મુક્તિ ધરાવનાર સર્વિસ યથાવત રહી શકે : હેલ્થકેર, શિક્ષણ તેમજ કૃષિ જેવા ક્ષેત્રોને મુક્તિ યથાવત રાખવામાં આવશે : ૧૦-૧૯મી મેના દિવસે શ્રીનગરમાં જીએસટી નિયમ નક્કી કરવા મુદ્દે બેઠક

નવી દિલ્હી,તા. ૧૩

રેવેન્યુ સેક્રેટરી હસમુખ અઢીયાએ આજે કહ્યું હતું કે સર્વિસ ટેક્સ જીએસટી હેઠળ ૧૫ ટકાથી વધીને ૧૮ ટકા સુધી પહોંચી શકે છે. તેમના આ સંકેતથી કારોબારીઓમાં આને લઈને ચર્ચા જોવા મળી રહી છે. ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) વ્યવસ્થા અમલી બન્યા બાદ સર્વિસ ટેક્સ ૧૮ ટકા સુધી થઈ શકે છે. આની સાથે જ જરૂરી સર્વિસ વધારે મોંઘી બનશે. તેમણે કહ્યું હતું કે સર્વિસ સેક્ટર માટે સ્ટાન્ડર્ડ રેટ ૧૮ ટકા સુધી રહી શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે હાલમાં જે સેવાઓને મુક્તિ આપવામાં આવી છે તેમને મુક્તિની યાદીમાં યથાવત રીતે જ રાખવામાં આવશે. જેમાં હેલ્થકેર, એજ્યુકેશન અને કૃષિનો સમાવેશ થાય છે. હાલમાં મુક્તિની યાદીમાં જે સેવા રહેલી છે તેમની સાથે કોઈ ચેડા કરવામાં આવશે નહીં. આમાં સેવાને યથાવત રાખવામાં આવશે. કાઉન્સીલ સમક્ષ આ સંદર્ભમાં રજુઆત કરવામાં આવી ચુકી છે. મોટાભાગના મુદ્દા પર સહમતી થઈ ચુકી છે. મોટાભાગની ચીજવસ્તુઓ સાથે ચેડાં કરીને લોકોને નિરાશ કરવાની કોઈ યોજના દેખાઈ રહી નથી. હાલમાં સર્વિસ સેકટર બે એડિશનલ સેસ સાથે ૧૪ ટકા છે જેમાં જે બે એડિશનલ સેસ છે તેમાં સ્વચ્છ ભારત સેસ અને કૃષિ કલ્યાણ સેસનો સમાવેશ થાય છે. જેથી સર્વિસ ટેક્સનો આંકડો ૧૫ ટકાની આસપાસ પહોંચે છે. જીએસટી કાયદામાં કહેવામાં આવ્યું છે કે કૃષિ શાસ્ત્રીઓ પણ આવી વાત કરી રહ્યા છે. હાલમાં ફ્લોરી કલ્ચર, ડેરી, હોર્ટીકલ્ચર, ફિશીંગને પણ સર્વિસ ટેક્સમાંથી મુક્તિ અપાઈ છે કારણ કે તેઓ કૃષિ ક્ષેત્ર હેઠળ આવે છે પરંતુ જીએસટી હેઠળ ટેકસમાં આવશે કે કેમ તેને લઈને હજુ ચર્ચા ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## વિમાનની જેમ જ ટ્રેનમાં પણ ટિકિટ બુકીંગ વ્યવસ્થા હશે

### રેલવે દ્વારા ટિકિટ બુકીંગ માટે આધુનિક સોફ્ટવેર રજુ કરાશે : ટ્રેનમાં પસંદગીની સીટને પસંદ કરવા માટેની રીત બદલાશે

નવી દિલ્હી,તા. ૧૩

રેલવે પણ પોતાની ટિકિગ બુકિંગની વ્યવસ્થા માટે આધુનિક સોફ્ટવેર લાવવા માટેની તૈયારીમાં છે. આ સોફ્ટવેરમાં કેટલાક ખાસ પાસાઓ રહેશે. જેના કારણે યાત્રી પોતાની યાત્રાને વધારે સરળ બનાવી શકે છે. આ ફેરફાર કરવામાં આવ્યા બાદ ટ્રેનમાં પસંદની સીટને પસંદ કરવાની રીત બદલાઈ જશે. આ સોફ્ટવેરને તૈયાર કરવામાં એક વર્ષનો સમય લાગી

● અનુસંધાન પાન-૭ પર

# પેટ્રોલ પંપ-દુકાન પર આધાર-પે દ્વારા ચુકવણી

### હવે માત્ર ફીંગરથી જ પેમેન્ટ શક્ય બનશે : આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિધિવત રીતે શરૂઆત કરશે : પેમેન્ટ કરવા માટે કેશ, ક્રેડિટ કાર્ડ અથવા તો ડેબિટ કાર્ડ રાખવા માટે જરૂર રહેશે નહીં

નવી દિલ્હી, તા.૧૩

પેટ્રોલ પંપ અથવા તો દુકાન પર હવે કોઈપણ પેમેન્ટ કરવા માટે કેશ, ક્રેડિટ કાર્ડ અથવા તો ડેબિટ કાર્ડને સાથે રાખવાની જરૂર પડશે નહીં. માત્ર આંગળી મારફતે જ સરળતાથી પેમેન્ટ કરી શકાશે. ૧૪મી એપ્રિલના દિવસે એટલે કે આવતીકાલે ડૉ.ભીમરાવ આંબેડકરની જન્મ જયંતિના પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નાગપુરમાં આની શરૂઆત કરવા જઈ રહ્યા છે. આ તમામ બાબત આધાર પે મારફતે નક્કી થશે. આધાર પે હેઠળ કોઈપણ પેમેન્ટ કરવા માટે માત્ર બેન્ક એકાઉન્ટ આધાર સાથે લિંક કરવાની જરૂર રહેશે. સાથે સાથે આધાર નંબર પણ યાદ રાખવાની જરૂર રહેશે. છેલ્લા કેટલાક સમયથી કેટલાક શહેરોમાં ટ્રાયલની પ્રક્રિયા ચાલી રહી હતી. ટૂંક સમયમાં જ મોટી રીટેઈલ ચેનની સાથે સાથે નાની દુકાનો ઉપર પણ આ સુવિધાને ઉપલબ્ધ કરી દેવામાં આવશે. સરકારે છથી નવ મહિનાના ગાળામાં ૭૦ ટકા દુકાનો અને ટ્રાન્ઝેકશન સ્થળો ઉપર આધાર પે ફેસિલિટી શરૂ કરવાની યોજના તૈયાર કરી છે. સરકારે આ સુવિધાને લઈને દાવો કર્યો છે કે આનાથી

● અનુસંધાન પાન-૭ પર


॥ જય હાટકેશ ॥
ઘરનું શુદ્ધ શાકાહારી
ટીફીન સર્વિસ
સાત્વિક, સ્વાદિષ્ટ ઘરે બનાવેલું શાકાહારી, ગુજરાતી ભોજન
જાન્હવી ગૃહ ઉદ્યોગ
Call : 9924684206
9924684208
હોમ સર્વિસ ફ્રી
(ગાંધીનગર-કુડાસણ-સરગાસણ)

ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
લેહ-લદાખ નુબ્રાવેલી-પેંગોગ
દાર્જીલીંગ ગંગટોક-લાચુંગ-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
સ્પે.કેરાલા મુન્નાર-થેકડી
કાશ્મીર ગુલમર્ગ-પહેલગામ
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
ચારધામ બદ્રી-કેદાર ગંગોત્રી-યમુનોત્રી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
26562324/22
9427455274
9408643756
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શું આપને ડાયાબીટીસ છે?
૧૦ માંથી ૨ વ્યક્તિ ડાયાબીટીસને લીધે અંધ થાય છે.
બ્લડ શુગર કંટ્રોલ હોય તો પણ આંખમાં ડાયાબીટીસ ઉતરી શકે છે.
આજે જ આપની આંખોની સંપૂર્ણ તપાસ કરાવો.
તેજ આઈ સેન્ટર
॥ તમસો મા જ્યોતિર્ગમય ॥
આઈ હોસ્પીટલ
ઓપ્ટીકલ્સ
50% OPD DISCOUNT
DIABETEC RATINOPATHY CONTROL PROGRAMME
૨૦ વર્ષમાં ૫ લાખથી પણ વધુ લોકોનો વિશ્વાસ
અમદાવાદની શ્રેષ્ઠ આંખની હોસ્પિટલ - TOI હેલ્થ સર્વે ૨૦૧૬
૫૦,૦૦૦ થી વધુ સફળ મોતિયાના ઓપરેશન
૯૦૧/૧, સેક્ટર-૭ સી, ઘ-રોડ,
મેઈન બસ ડેપો પાસે, ગાંધીનગર-૩૮૨૦૦૭
99240 88500
079 -232 45126
તમારી જુની ચશ્માંની ફ્રેમ તેજ આઈ સેન્ટરને આપો. બદલામાં કોઈ જરૂરિયાતમંદને અમે આપીશું. ચોખ્ખી ધારદાર દ્રષ્ટિ નવા ચશ્માં સાથે
www.tejeyecenter.com
મિસ કોલ :- 08030636480